ક્રમાંક: મઉમશબ/શાનિ/ ૨૨૨૮૨/૨૨૪

ગુજરાત માધ્યમિક અને

ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ

સેકટર-૧૦/બી, જુના સચિવાલય પાસે,

ગાંધીનગર.

તા. ૦૮/૧૨/૨૩

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,

તમામ.

વિષય: માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં સુપરવાઇઝર ની નિમણુક માટે ગુણાંકન યોજના દાખલ કરવા બાબત.

સંદર્ભ:- શિક્ષણ વિભાગના તા.૨૬/૬/૨૦૨૩ ઠરાવ અન્વયે.

શિક્ષણ વિભાગના તા.૨૬/૬/૨૦૨૩ ના ઠરવાથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ ૧૯૭૪ ના વિનિયમ ક્રમાંકઃ૧૯ (૫) માં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં સુપરવાઇઝર બાબતે સુધારો થતાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં સુપરવાઇઝર ની નિમણુક માટે હાલ અમલી ગુણાંકન પધ્ધતિમાં સુધારો કરવો જરૂરી જણાય છે

ઉક્ત બાબતે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં સુપરવાઇઝર ની નિમણુક માટે નીચે મુજબ ગુણાંકન યોજના દાખલ કરીએ

| ક્રમ | લાયકાત/વિગત | ગુણાંકન (ગુણમા) |
|---|---|---|
| ૧ | સ્નાતક | ૧૦ |
| ૨ | અનુસ્નાતક | ૧૦ |
| ૩ | તાલીમી લાયકાત | ૧૦ |
| ૪ | પી.એચ.ડી | ૦૨ |
| ૫ | એમ.ફિલ | ૦૨ |
| ૬ | એમ.એડ | ૦૨ |
| ૭ | બીજા વિષયમાં સ્નાતક/અનુસ્નાતક | ૦૨ |
| ૮ | સંસોધન પ્રોજેક્ટ/ લેખન કાર્ય/પરામર્શન કાર્ય | ૦૨ |

નોંધ:- સ્નાતક,અનુસ્નાતક અને તાલીમી સ્નાતકની લાયકાતમાં ૧૦૦ % ગુણ મેળવનારને ૧૦ માર્ક્સ મળશે એટલે કે ૬૩ % ગુણ મેળવનારને ૬.૩ ગુણ મળશે.

અનુભવ :- વર્ષ દિઠ ૦૨ ગુણ અને સત્ર દિઠ ૦૧ ગુણ ગણવો.

નોંધ:- અનુભવના ગુણમાં જે શાળામાં સુપરવાઇઝરની નિમણુક કરવાની છે તે શાળાની નોકરીના અનુભવના ૧૦૦ % ગુણ ગણવા અને અન્ય શાળાની નોકરીના અનુભવના ૭૫ % ગુણ ગણવા

આ રીતે નિમાતા સુપરવાઇઝરને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર શિક્ષણ વિનિયમ ૧૯૭૪ ના વિનિયમ ક્રમાંકઃ૨૮ (૬) મુજબ કાર્યભાર આપવાનો રહેશે.

જે શાળામાં સુપરવાઇઝરની નિમણુક માટે એક થી વધુ શિક્ષકોના ગુણ સમાન થાય તો (૧) પ્રથમ લાયકાત ધ્યાનમા લેવી (૨) લાયકાત સમાન હોય તો વિભાગની દાખલ તારીખ ધ્યાનમાં લેવી (૩) વિભાગમાં દાખલ તારીખ સમાન હોય તો જન્મ તારીખ ધ્યાનમાં લેવી તથા ઉંમરમાં જે મોટા હોય તેને પસંદગી આપવાની રહેશે.

ઉક્ત બાબતે આપના જિલ્લાની શાળાઓને જાણ કરવા વિનંતી.

(એન.જી.વ્યાસ)
સચિવ,
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર